।। श्रीकृष्णाय नमः ।।



# શ્રીવલ્લભ ગોશાલા

વાડલા-જૂનાગઢ

www.vallabhgoshala.org

# શ્રીવલ્લભ ગોશાલાની સ્થાપના



મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી



ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી



ગોસ્વામી શ્રીવ્રજવલ્લભબાવાશ્રી







મહા સુદ ૧૧, વિક્રમ સંવત્ ૨૦૬૨, તારીખ ૮/૨/૨૦૦૬ - શ્રીવલ્લભ ગોશાલા સ્થાપના સમયની ઝાંખી.

આપણાં આરાધ્ય દેવ ભગવાન શ્રીકૃષ્ણને અત્યન્ત પ્રિય ગોવંશનું પાલન, રક્ષણ અને સંવર્ધન કરવાના આદર્શને પ્રસ્થાપિત કરવા માટેનો સન્નિષ્ઠ પ્રયાસ છે- શ્રીવલ્લભ ગોશાલા. સાથોસાથ શ્રીવલ્લભ ગોશાલા વિવિધ સંલગ્ન ગોશાલાઓને માર્ગદર્શન આપતી એક માતૃસંસ્થા તરીકે પણ કાર્ય કરી રહી છે. અહીં ગોમાતા-ગોવંશ આનંદપૂર્વક બિરાજિત છે અને અહીં આવતાં ભાવિકોને ગોસંસ્કૃતિ પૂર્ણ અર્થમાં સમજાય એ માટેના સવિશેષ પ્રયત્નો પણ થઈ રહ્યાં છે.

**શ્રીવલ્લભ ગોશાલાની સ્થાપના કેવી રીતે થઈ?**

સન ૧૯૮૭ માં જ્યારે ભીષણ દુષ્કાળ પડ્યો, ત્યારે મનુષ્યોને પીવા માટે પાણી પણ અપ્રાપ્ય બન્યું હતું. એ સમયે ગોમાતાની દશા ખૂબજ દયનીય બની હતી. આ વિકટ પરિસ્થિતિમાં નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીએ મહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોનું વિશુદ્ધ સ્વરૂપ વૈષ્ણવોને સમજાવ્યું અને સમાજમાં ગોરક્ષાના મહત્ત્વને પ્રસ્થાપિત કર્યું.

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીની પ્રેરણાથી ગોવંશની રક્ષા માટે ગામે-ગામ ગોપાલન કેન્દ્રની સ્થાપના થઈ. દુકાળની એ ભીષણ પરિસ્થિતિમાં ૩૬૦૦૦ ગોવંશનું રક્ષણ થયું અને 'ગોરક્ષા અભિયાન' નો શુભારંભ થયો. આજે આ અભિયાન વિશાળ વટવૃક્ષ બનીને ગામે-ગામ ૧૦૮ જેટલી ગોશાલાઓની સ્થાપના દ્વારા સુવ્યવસ્થિત આયોજનનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. વાડલા ગામે સ્થિત 'શ્રીવલ્લભ ગોશાલા', ગોસેવાના આદર્શ સ્વરૂપને પ્રસ્થાપિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

ગોમાતા-ગોવંશને પ્રાકૃતિક, સુંદર, સ્વચ્છ અને સાનુકૂલ વાતાવરણ મળે અને વરસાદી પૂર કે કાદવની ભીતિ ન રહે એવી ભૂમિનું ચયન જૂનાગઢ નજીક વાડલા ગામે કરવામાં આવ્યું.

ગોશાલા માટેનું ભૂમિપૂજન ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના હસ્તે કરવામાં આવ્યું. શ્રીવલ્લભ ગોશાલામાં માંડવીથી પધારેલા ગોસ્વામી શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજશ્રી દ્વારા ગોમાતાનું મંગલપૂજન કરીને, મહંતશ્રી ગોપાલાનંદજી (અધ્યક્ષશ્રી, ભારત સાધુ સમાજ) ની વિશેષ ઉપસ્થિતિમાં ગોમાતા-ગોવંશને 'શ્રીનંદબાવાના પ્રાગટ્ય દિન' મહાસુદ અગિયારસના શુભ દિવસે ગોશાલામાં બિરાજીત કરવામાં આવ્યું. વર્ષ ૨૦૦૬ થી અહીં ગોમાતા-ગોવંશ આનંદપૂર્વક બિરાજે છે.

સાંપ્રત સમયમાં આપણને પ્રાપ્ય ટેક્નોલોજી તેમજ સગવડતાની સહાયતા લઈને અને આપણી મૂલ સંસ્કૃતિને જાળવી રાખી જીર્ણ થયેલા કેટલાંક વિભાગો સાથેની 'શ્રીવલ્લભ ગોશાલા'નો જીર્ણોદ્ધાર વર્ષ ૨૦૨૧માં કરવામાં આવ્યો.

# શ્રીવલ્લભ ગોશાલાનો ઉદ્દેશ્ય

## દ્રષ્ટિકોણ

સર્વશાસ્ત્ર ઉપદિષ્ટ ગોમાહાત્મ્યનું દર્શન કરીએ તો એક વાત આપણે સ્પષ્ટ રીતે સમજી શકીએ છીએ કે ગોમાતા-ગોવંશ સમગ્ર સૃષ્ટિનો આધાર છે. **ગાવો વિશ્વસ્ય માતરઃ, માતરઃ સર્વભૂતાનાં ગાવઃ સર્વસુખપ્રદાઃ** ના ઉપદેશ દ્વારા આપણા શાસ્ત્રો; ગાયને સમગ્ર વિશ્વની, સમગ્ર જીવોની માતાનું સ્થાન આપે છે. માતાની પ્રસન્નતા હશે તો સંતાનોનું સર્વાંગીણ પોષણ ઉત્તમ રીતે થઈ શકશે. તદુપરાંત સૃષ્ટિના તથા સૃષ્ટિમાં રહેલા સમગ્ર જીવોના સુખ અને આનંદનું મૂલ, તેનો આધાર સાત્ત્વિકતા છે અને આ સાત્ત્વિકતાનો આધાર ગોમાતા છે. આ દ્રષ્ટિકોણથી વિચારીએ તો આપણા સહુના સુખ અને આનંદની સ્થિરતા અને વૃદ્ધિ માટે ગમાતાની પ્રસન્નતા આવશ્યક છે. ગોમાતાની પ્રસન્નતા ત્યારે જ થાય જ્યારે આપણે ગોસેવા, સંવર્ધન, સંરક્ષણ માટે જાગૃત થઈએ અને સમાજને પણ જાગૃત કરીએ.

## ધ્યેય

ઉપરોક્ત દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખી જેઓએ પોતાનું સમગ્ર જીવન ગોસેવા માટે તન-મન-ધનથી સમર્પિત કરી દીધું એવા આપણા આચાર્યવર્ય નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીની પ્રેરણાથી ગોસેવા, ગોસંવર્ધન અને ગોસંરક્ષણના મૂલ ધ્યેયને લક્ષ્યમાં લઇ શ્રીવલ્લભ ગોશાલાની સ્થાપના થઇ. ગોમાતા-ગોવંશના સર્વાંગીણ સુખને ધ્યાનમાં લઇ ખૂબજ સુંદર અને સુખદાયક વ્યવસ્થાઓ સાથે આ ગોશાલાનું આપશ્રી દ્વારા નિર્માણ કરાવવામાં આવ્યું. ગોમાહાત્મ્ય સમજી ગોસેવાને આચરણમાં મુકી, ગોમાતાની પૂર્ણ પ્રસન્નતા અને સુખનો વિચાર એ જ શ્રીવલ્લભ ગોશાલાનો ઉદ્દેશ્ય છે.







# સન્ ૨૦૨૧માં નવનિર્મિત શ્રીવલ્લભ ગોશાલાના વિવિધ વિભાગો

## ગોખિરક







શ્રીવલ્લભ ગોશાલામાં કુલ ૧૨ ખિરકનું નિર્માણ થયું છે, જેમાં ગુજરાતની વિશ્વ પ્રસિદ્ધ ગીર નસલની ગોમાતા સર્વ સુવિધાઓ સાથે આનંદપૂર્વક બિરાજે છે.


દિવસ દરમિયાન ગોમાતા સૂર્યસ્નાન કરી તાપ મેળવી શકે અને તેમનામાં રહેલ સૂર્યનાડી ઉજાગર થાય એ માટે ખુલ્લી જગ્યાની વ્યવસ્થા કરવામાં આવી છે, ગોમાતાની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા તેમજ સાફ-સફાઇનું પણ પૂર્ણ ધ્યાન રાખવામાં આવે છે.

## નંદીઘર

શ્રીવલ્લભ ગોશાલામાં નંદીઓ માટે ખાસ નંદીઘરની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં નંદીઓ આનંદપૂર્વક બિરાજે છે. નંદી માટે જલ તેમજ આહાર અને વિહાર માટેની વ્યવસ્થા નંદીઘરમાં જ કરવામાં આવી છે.

નંદીઘરમાં વસતા નંદીનો ઉપયોગ માત્ર ગોશાલાની ગોમાતાને ફલિત કરવા માટે ત્રણ વર્ષ સુધી સેવા લઇ કરવામાં આવે છે. ત્યારબાદ શ્રીવલ્લભ ગોશાલા સાથે જોડાયેલી ૧૦૮ ગોશાલા પૈકીની કોઈપણ ગોશાલાને એ નંદી સંપૂર્ણ નિભાવની જવાબદારી સાથે સોંપવામાં આવે છે.








## ગો પરિક્રમા માર્ગ







શ્રીવલ્લભ ગોશાલામાં કુલ ત્રણ ગો પરિક્રમા માર્ગ છે; જેમાં સૌપ્રથમ મોટાં પરિક્રમા માર્ગથી સંપૂર્ણ ગોશાલાની, બીજા માર્ગથી કોઇ એક ખિરકની અને તૃતીય માર્ગથી શ્રીવલ્લભ ગોશાલામાં સ્થિત આરાધ્ય દેવ ભગવાન શ્રીકૃષ્ણની પ્રતિમા ફરતે પરિક્રમા કરી શકાય એવી સુંદર વ્યવસ્થા છે.

વૈષ્ણવો પરિશ્રમ વગર ભગવન્નામ ધ્વનિ શ્રવણ-કીર્તન કરતા કરતા સરલતાથી પરિક્રમા કરી શકે તેવી સુંદર વ્યવસ્થા પરિક્રમા માર્ગમાં કરવામાં આવી છે.

પરિક્રમા માર્ગમાં ભગવાન શ્રીકૃષ્ણની ગોચારણલીલાની પ્રત્યક્ષ અનુભૂતિ કરાવતા વિવિધ લીલા ચરિત્રોની પ્રતિમાઓનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

## શ્રીવલ્લભ ગોશાલાના વિવિધ વિભાગો

### બળદ ઘર







શ્રીવલ્લભ ગોશાલામાં બળદ માટે અલગથી બળદ ઘરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે વાછરડાઓ નંદી તરીકે ઉપયોગમાં નથી આવતા તેમને બળદ બનાવી જીવન પર્યન્ત સાચવવામાં આવે છે. આ બળદનો ઉપયોગ શ્રીવલ્લભ ગોશાલા સાથે જોડાયેલાં વિવિધ ખેતીજન્ય કામોમાં થાય છે.

### પંચગવ્ય ગૃહઉદ્યોગ

ગો પ્રદત્ત પાંચ તત્ત્વો દૂધ, દહી, ઘૃત, ગોમૂત્ર અને ગોબર એ પંચગવ્યનું શાસ્ત્રોએ અમૃત તુલ્ય માહાત્મ્ય વર્ણન કરેલું છે. પંચગવ્ય આધારિત ઔષધિઓથી અનેક પ્રકારના ગંભીર રોગોનો ઉપચાર કરી રોગી સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે. તો પંચગવ્ય આધારિત ખાતરનો ઉપયોગ કરી ખેતી દ્વારા સાત્ત્વિક ખેતપેદાશો મેળવીને માનવજીવનને; જંતુનાશક દવાઓ દ્વારા ઝેરી બનેલી ખેતપેદાશોથી મુક્ત, સાત્ત્વિક અને સ્વસ્થ બનાવી શકાય છે. પંચગવ્યના આ મહત્ત્વને ધ્યાનમાં લઈ શ્રીવલ્લભ ગોશાલામાં પંચગવ્ય આધારિત નાની-મોટી અનેક વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે.







### પંચગવ્ય સ્ટોર







પંચગવ્યમાંથી બનતી કેટલીક ઔષધિઓ, ગોમૂત્ર અર્ક, સાત્ત્વિક દૂધ-ઘી-છાશ જેવી ખાદ્ય સામગ્રીઓ, દીવા, ધૂપસળી, ગોબરકંડા, ફિનાઇલ (ગોમૂત્ર અને લીમડાના અર્કમાંથી તૈયાર થયેલ ગોનાઇલ) ઉપરાંત ગો આધારિત ખેતી વડે ઉપજાવેલા સંપૂર્ણપણે ઓર્ગેનિક ફળ અને શાકભાજી જેવી શુદ્ધ-સાત્ત્વિક વસ્તુઓ વૈષ્ણવોને શ્રીવલ્લભ ગોશાલાના પંચગવ્ય સ્ટોરમાંથી મળી રહે છે.

# શ્રીવલ્લભ ગોશાલાના વિવિધ વિભાગો

## ઓડિટોરિયમ






શ્રીવલ્લભ ગોશાલામાં આધુનિક ટેક્નોલોજીથી સજ્જ મલ્ટિમીડિયા ઓડિટોરિયમનું નિર્માણ થયું છે. જે ૧૨૦ વ્યક્તિની બેઠક ક્ષમતા ધરાવે છે, જ્યાં વૈષ્ણવો ઓડિયો-વીડિયો વિઝ્યુલાઇઝેશનના માધ્યમથી ગોમાતાનું માહાત્મ્ય અને શ્રીવલ્લભ ગોશાલાની વિશેની સવિશેષ માહિતી મેળવી રહ્યાં છે.

## બાલ ક્રીડાંગણ





વૈષ્ણવ બાળક પોતાની બાલ્યાવસ્થાથી જ ગોમાતાની નજીક રહે, તેમને ઓળખે, તેમનું જતન કરવા માટે પ્રેરાય તે હેતુને સાર્થક કરવા બાલ ગોખિરક સાથે શ્રીવલ્લભ ગોશાલામાં બાળકો માટે બાલ ક્રીડાંગણનું નિર્માણ થયું છે. જ્યાં અત્યાધુનિક લસરપટ્ટી, હિંચકા અને અન્ય રમત-ગમતના સાધનો બાલ ક્રીડાંગણને વધુ મનોરમ્ય બનાવી રહ્યાં છે.



## પરિવાર ઉદ્યાન





શ્રીવલ્લભ ગોશાલાના દર્શને આવતાં વૈષ્ણવો ગોમાતાની નિકટ શાંતિપૂર્ણ અને સંપૂર્ણપણે પ્રાકૃતિક વાતાવરણમાં પરિવાર સાથે બેસી શકે એ માટે અહીં સુંદર પરિવાર ઉદ્યાનનું નિર્માણ થયું છે.

## ગોપાલ પ્રસાદમ્


શ્રીવલ્લભ ગોશાલામાં અલ્પાહાર ગૃહ પણ કાર્યરત છે, જ્યાં વૈષ્ણવોને શુદ્ધ અને પૌષ્ટિક અલ્પાહાર મળી રહે છે. અલ્પાહાર ગૃહની નિકટમાં બાળકોને આપણી વિસરાતી જતી રમતો રમાડવામાં આવે છે, તેમજ પુષ્ટિભક્તિસંગીત તથા ધોળ-સંકીર્તનની પ્રસ્તુતિ કરવા પ્રોત્સાહન આપી વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

# શ્રીવલ્લભ ગોશાલામાં થતું, ગોમાતા અને ગોવંશનું સંવર્ધન.

ગોસંવર્ધન એટલે ગોપાલન; જે ભારતીય સંસ્કૃતિ અને નિષ્ઠાનું પ્રતીક છે. આપણને મળેલ ગોમાતા અને ગોવંશનો અમૂલ્ય વારસો ખરાં અર્થમાં સચવાય, એ હેતુને સાકાર કરવા શ્રીવલ્લભ ગોશાલાનું નિર્માણ થયું છે. અહીં ગોમાતા-ગોવંશને સારી ગુણવત્તાવાળો ઘાસચારો, જલ, વિશાળ જગ્યા, શુદ્ધ હવા અને પર્યાપ્ત સૂર્યપ્રકાશ સાથેનું પ્રાકૃતિક વાતાવરણ મળવાથી માવજત અને સંવર્ધનનું કાર્ય ખૂબ અસરકારક રીતે થાય છે.


ગોશાલા પરિસરના ખાણ વિભાગમાં ૧૨ જાતની સામગ્રીઓ મિશ્રિત કરીને ગોમાતા-ગોવંશ માટે શુદ્ધ અને પૌષ્ટિક ખાણ તૈયાર કરવામાં આવે છે. તેની સાથે ગો આધારિત ખેતી દ્વારા પ્રાપ્ત લીલો અને સૂકો ઘાસચારો તેમજ ઔષધિ રૂપે યથા સમયે કડવો લીમડો પણ આપવામાં આવે છે.

ગોમાતા-ગોવંશના સ્વાસ્થ્યની કાળજી માટે સતત બે તબીબોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સગર્ભા ગોમાતા માટે સતત દેખરેખ રહે તે રીતે અલગ નિવાસસ્થાનની વ્યવસ્થા કરવામાં આવી છે. ગોમાતા વિયાય ત્યારથી ૧૫ દિવસ સુધી તેનું વાછરું જ પયપાન કરે છે, જે પછી ૭ મહિના સુધી તેના વાછરડુંને તેની સાથે જ રાખવામાં આવે છે. ગોપાલકો દ્વારા હાથથી જ દોહન કરવામાં આવે છે અને દોહન કરતી વેળાએ ગોખિરકમાં મધુર સંગીત વગાડવામાં આવે છે, જેની દોહન ક્રિયામાં સકારાત્મક અસર જોવા મળે છે. આ સિવાય અલગ-અલગ ઋતુઓ અનુસાર ગોમાતાની સેવામાં વિશેષ ધ્યાન રાખવામાં આવે છે.


સારી ગુણવત્તાવાળો ઘાસચારો


સૂર્યપ્રકાશ સાથે પ્રાકૃતિક વાતાવરણ


શુદ્ધ હવા, જલ સુવિધાયુક્ત ગોચારણ


ગો પ્રસૂતિગ્રહ તેમજ હોસ્પિટલ


૨૪ કલાક ડોક્ટર દ્વારા સારવાર


દરરોજ બનાવવામાં આવતું પૌષ્ટિક ખાણ


હાથ વડે ગો દોહન


વાછરું દ્વારા સંતોષકારક પયપાન


ગોવંશની યોગ્ય જાળવણી

# શ્રીવલ્લભ ગોશાલાની વિવિધ પ્રવૃત્તિઓ

## નંદી વિતરણ








ભારતના પ્રખ્યાત બ્રીડર્સ જેમકે; પ્રદીપસિંહ રાવલ (સાગવાડી ગોશાલા-ભાવનગર) ગીર સંવર્ધન કેન્દ્ર (ભાડવા-રિયાસત), ભુવનેશ્વરી પીઠ (ગોંડલ) વગેરેને ત્યાંથી સર્વોત્તમ નસલના નંદી લેવામાં આવ્યા છે, આ નંદી અને શ્રીવલ્લભ ગોશાલામાં રહેતા જૂના ગોવંશના ઉત્તમ વાછરડાનો સારી રીતે ઉછેર કરી, નંદી બનાવી શ્રીવલ્લભ ગોશાલા સાથે જોડાયેલી દરેક ગોશાલાને ગોસંવર્ધન માટે નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે.

## પંચગવ્ય આધારિત ખેતી







ગોમાતા-ગોવંશના ગોબર-ગોમૂત્ર સાથે અન્ય ઔષધિ ભેળવીને ખેતી માટે પંચગવ્ય આધારિત ખાતર તૈયાર કરવામાં આવે છે. ખેતપેદાશોમાં સાત્ત્વિક તેમજ શુદ્ધ પોષક ગુણોની વૃદ્ધિકારક આ ખાતરનો ઉપયોગ શ્રીવલ્લભ ગોશાલાની સર્વ ખેતીલાયક જમીનમાં કરીને ગોમાતા માટે ચારો તથા અન્ય સામગ્રી ઉત્પન્ન કરવામાં આવે છે.

## તાલીમ








શ્રીવલ્લભ ગોશાલામાં ગોસંરક્ષણ-સંવર્ધન માટેની પ્રાચીન-અર્વાચીન ટેકનોલોજીના પૂર્ણ અનુભવી વ્યક્તિઓ દ્વારા સ્વગૃહે ગોપાલન કરતા ગોપાલકોને માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત પંચગવ્ય આધારિત ખેતી અને દૂધ ઉત્પાદન જેવી અનેક બાબતોનું સુનિશ્ચિત અને સૈદ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે અહીં સમયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

## સાત્ત્વિક દૂધ વિતરણ








શ્રીવલ્લભ ગોશાલામાં પ્રસન્નતાથી બિરાજમાન ગોમાતાના સાત્ત્વિક દૂધ માટે આગ્રહી વ્યક્તિઓને સરલતાથી દૂધ પ્રાપ્ત થાય તે માટેની વ્યવસ્થા પણ ગોશાલાના સંચાલકો દ્વારા કરવામાં આવી છે.

# શ્રીવલ્લભ ગોશાલાની વિવિધ પ્રવૃતિઓ

## વૃદ્ધ ગોમાતા ખિરક









શ્રીવલ્લભ ગોશાલામાં ગોમાતા-ગોવંશ જન્મથી લઈને અંતિમ અવસ્થા સુધી પ્રસન્નતા સાથે બિરાજે તેનો પૂર્ણ ખ્યાલ રાખવામાં આવે છે. તેથી અમુક સમય બાદ દૂધ આપવાનું બંધ થઇ ગયા પછી વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયેલા ગોમાતા-ગોવંશ માટે અલગથી જ ખિરકનું નિર્માણ કરવામાં આવેલું છે. જેમાં આ વૃદ્ધ ગોમાતાના સ્વાસ્થ્યથી લઇને સર્વપ્રકારના સુખનો વિચાર કરી વિશેષ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

## ગોબર આધારિત ખાતર







શ્રીવલ્લભ ગોશાલામાં ગાયોના ગોબરમાંથી જૈવિક ખાતર તેમજ વર્મી કમ્પોસ્ટ ખાતર તૈયાર કરવામાં આવે છે. આ ખાતરમાં શુદ્ધ ઘનજીવામૃતનો છંટકાવ કરવામાં આવતો હોવાથી તેમાં સૂક્ષ્મજીવો અને બેક્ટિરિયા ભરપૂર માત્રામાં હોય છે. જે જમીનને લાંબા સમય માટે ફળદ્રુપ અને ઉપજાઉ બનાવે છે. આ ખાતરથી અળસીયાનું પ્રમાણ કુદરતી રીતે જમીનમાં વધતું હોવાથી તે વિશેષ લાભદાયક બને છે.

## ગોબર ગેસ પ્લાન્ટ







શ્રીવલ્લભ ગોશાલાના સંકુલમાં એક વિશાળ ગોબરગેસ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ દ્વારા ગાયોના ગોબરમાંથી ગોબરગેસનું ઉત્પાદન કરવામાં આવે છે. ગોશાલાના વિવિધ વિભાગોમાં ઘી ઉત્પાદન માટે, દૂધ ગરમ કરવા માટે, ભોજનાલયમાં, અલ્પાહાર કેન્દ્રમાં વગેરે જગ્યાએ આવશ્યક ઇંધણની જરૂરિયાત આ ગોબરગેસ પ્લાન્ટ દ્વારા પૂર્ણ કરવામાં આવે છે.

## ગોશાલા પ્રવાસ







આજના આધુનિક ટેક્નોલોજીના આ સમયમાં આપણા બાળકો સંસ્કાર અને સંસ્કૃતિથી દૂર થઇ રહ્યા છે. સંસ્કાર-સંસ્કૃતિના આધાર સમાન ગોમાતાનું સાન્નિધ્ય બાળકને ફરી એ સંસ્કાર-સંસ્કૃતિના ગુણોની નજીક લઇ જઇ ગૌરવાન્વિત કરી શકે છે. તેથી પરિવાર, સ્કૂલ, કોલેજના બાળકો-વિદ્યાર્થીઓ ગોશાલા પ્રવાસના માધ્યમથી ગોશાલાની મુલાકાત લઇ આ હેતુને પૂર્ણ કરી શકે છે.



આ રીતે શ્રીવલ્લભ ગોશાલા તેના મૂલ સિદ્ધાન્ત; ગોમાતાની પ્રસન્નતા પૂર્વક ગોસંવર્ધન-ગોસંરક્ષણના સંકલ્પ પ્રતિ સ્પષ્ટપણે કાર્યરત છે. નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રીના પ્રસન્નતાપૂર્વકના આશીર્વાદ તેમજ ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રીના પૂર્ણ માર્ગદર્શનમાં ચાલી રહેલી શ્રીવલ્લભ ગોશાલાની મુલાકાત લેવી તેમજ ગોસેવામાં યથાયોગ્ય સામર્થ્ય અનુસાર સહભાગી થવું એ આપણા જીવનનું ધન્યભાગ્ય છે.



**વર્તમાનમાં શ્રીવલ્લભ ગોશાલામાં બિરાજમાન કુલ ગોધનની સંખ્યા.**

**૪૫૦**

| | |
|---|---|
| ગોમાતા | – ૧૫૦ |
| વાછરડી | – ૧૨૨ |
| વાછરડા | – ૯૪ |
| નંદી | – ૧૪ |
| બળદ | – ૭૦ |

# ગાય દત્તક યોજના
## ( શ્રીવલ્લભ ગોશાલા નિભાવ ગ્રુપ )



**૧ ગાયને - ૧ વર્ષ માટે દત્તક લેવા**

**રૂા. ૫૧,૦૦૦**



સાત્ત્વિકતાના મૂલ આધાર રૂપ ગોમાતા - ગોવંશના સંરક્ષણ-સંવર્ધન માટે નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી દ્વારા સ્થાપિત શ્રીવલ્લભ ગોશાલા એક આદર્શ ગોશાલા છે. સાંપ્રત સમયમાં સમય, જગ્યા, વ્યવસ્થાના અભાવને કારણે ગોસેવાની ઇચ્છા રાખનારા ગોપ્રેમીઓ પોતાના આ કર્તવ્યને નિભાવી શકતા નથી. ગોપ્રેમીઓની ગોસેવાના આ મનોરથને પૂર્ણ કરવા માટે શ્રીવલ્લભ ગોશાલા દ્વારા ગાય દત્તકની એક યોજના મુકવામાં આવી છે. જેમાં નિર્ધારિત ગોભેટ જમા કરાવી આપ એક વર્ષ માટે ગોસેવાનો લાભ લઇ આપનો મનોરથ પૂર્ણ કરી શકો છો. તો આપ સર્વે ગોપ્રેમી સ્વકર્તવ્યનિષ્ઠા પૂર્વક આ યોજનામાં અવશ્ય સહયોગી બની અને શ્રીવલ્લભ ગોશાલા નિભાવ ગ્રુપના મેમ્બર બનો.

- **ગાય દત્તક યોજનાનો લાભ લેનાર સહયોગીઓને શ્રીવલ્લભ ગોશાલા નિભાવ મેમ્બર ગ્રુપના તે વર્ષ માટે સભ્ય બનાવવામાં આવશે અને ગોશાલાના પરિવારના સભ્ય તરીકે દરેક પ્રવૃત્તિ અને કાર્યક્રમનો લાભ પ્રાપ્ત થઈ શકશે.**
- **શ્રીવલ્લભ ગોશાલા નિભાવ ગ્રુપના સભ્યોને શ્રીવલ્લભ ગોશાલા તરફથી વાર્ષીક પંચગવ્ય પ્રોડક્ટ્સની કિટ અર્પણ કરવામાં આવશે.**

# શ્રીવલ્લભ ગોશાલા અન્ય સહયોગ યોજનાઓ

### ગાયનો આહાર (સંપૂર્ણ વલ્લભ ગોશાલાના ગોધનને લેવડાવવા માટેનો આહાર)

| | |
|---|---|
| (૧) ગોળ (ડબો -૧) | રૂા. ૭૫૦ |
| (૨) લાડવા (એક દિવસ) | રૂા. ૩,૦૦૦ |
| (૩) લીલો ઘાસચારો (એક વિભાગ)/(એક દિવસ) | રૂા. ૪,૧૦૦ |
| (૪) ખાણ-દાણ (એક વિભાગ)/(એક દિવસ) | રૂા. ૫,૧૦૦ |

### શુભ પ્રસંગ નિમિત્તે (જન્મદિન, બાળક જન્મ, લગ્ન વર્ષગાંઠ વગેરે)

(સહયોગી દ્વારા ગોપૂજન + ગાયોને આહાર લેવડાવવામાં આવશે.)
(સંકલ્પ અનુસાર) રૂા. ૫,૧૦૦ થી ૫૧,૦૦૦

### શુભ શરૂઆત નિમિત્તે (નવું ઘર, નવો વ્યવસાય વગેરે)

(સહયોગી દ્વારા ગોપૂજન + ગાયોને આહાર લેવડાવવામાં આવશે.)
(સંકલ્પ અનુસાર) રૂા. ૫,૧૦૦ થી ૫૧,૦૦૦

### તિથિ નિમિત્તે (પરિવારજનો દ્વારા)

(પરિવારજનો દ્વારા ગોપૂજન + ગાયોને આહાર લેવડાવવામાં આવશે.)
(સંકલ્પ અનુસાર) રૂા. ૫,૧૦૦ થી ૫૧,૦૦૦

આપણી ગોશાલામાં ગોવંશની નિરંતર વૃદ્ધિ થતી હોય છે. તેના માટે આપણે સમય સમય પર નીરણ હેતુથી જમીન ખરીદતા હોઈએ છીએ તેમજ નવી ખિરકનું બાંધકામ થતુ હોય છે. આ કાર્યને પહોંચી વળવા માટે નીચે મુજબની યોજનાઓ બનાવવામાં આવી છે.

**આ યોજનામાં સહયોગ કરનારા વૈષ્ણવોનું નામ ગોશાલામાં સહયોગ સ્તંભમાં અંકિત કરવામાં આવશે.**

### ગોશાલા ભૂમિદાન પેટે

| | |
|---|---|
| (૧) ૧૦૦ વાર | રૂા. ૧,૦૧,૦૦૦ |
| (૨) ૨૦૦ વાર | રૂા. ૨,૦૧,૦૦૦ |
| (૩) ૫૦૦ વાર | રૂા. ૫,૦૧,૦૦૦ |
| (૪) ૧૧૦૦ વાર | રૂા. ૧૧,૦૦,૦૦૦ |
| (૫) ૧ વીઘા | રૂા. ૧૫,૦૦,૦૦૦ |

### ગોશાલા નિર્માણ સહયોગ પેટે

| | |
|---|---|
| (૧) ૧૦૦ સ્ક્વે. ફીટ | રૂા. ૧,૧૧,૦૦૦ |
| (૨) ૨૦૦ સ્ક્વે. ફીટ | રૂા. ૨,૨૧,૦૦૦ |
| (૩) ૫૦૦ સ્ક્વે. ફીટ | રૂા. ૫,૫૧,૦૦૦ |
| (૪) ૧૧૦૦ સ્ક્વે. ફીટ | રૂા. ૧૧,૫૧,૦૦૦ |

આ સર્વ યોજનાઓમાં આપ નીચે આપેલ શ્રીવલ્લભ ગોશાલાની વેબસાઈટ લિંક દ્વારા પણ સહયોગ કરી શકો છો.

www.vallabhgoshala.org/donate

Scan Here To Donate

### આપ આપનું ડોનેશન નીચે મુજબના બેંક એકાઉન્ટમાં ડાયરેક્ટ જમા કરાવી શકો છો.

| | | |
|---|---|---|
| Bank Name | :- HDFC BANK LTD. | AXIS BANK |
| Customer Name | :- SHREE VALLABH GOSHALA | SHREE VALLABH GOSHALA |
| Account Number | :- 50100310459702 | 920010064943475 |
| IFSC Code | :- HDFC0000231 | UTIB0003193 |

નોંધ : આપના દ્વારા આપવામાં આવેલ અનુદાન ૮૦ જી. હેઠળ ઈન્કમટેક્સમાં બાદ મળવા પાત્ર રહેશે.

Scan Here
Download PDF Version



श्रीवल्लभ गोशाला

મુખ્ય કાર્યાલય : શ્રીવલ્લભ ગોશાલા - વાડલા (જૂનાગઢ). ૯૪૯૯૫૯૬૧૦૧/૧૦૨
શહેર કાર્યાલય : શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન, મોટી હવેલી, જૂનાગઢ. ૦૨૮૫-૨૬૨૧૧૧૧
www.vallabhgoshala.org
facebook.com/VallabhGoshala instagram.com/shreevallabhgoshala